# મારો દીકરો બહુ ડાહ્યો

દીકરો-દીકરી. સંતાનો. આપણી માન્યતાઓ પ્રમાણે સંતાનો હોવાં એ એક મહત્ત્વની જરૂરિયાત. છતાં હજી પણ દીકરા અને દીકરી પ્રત્યે ભેદભાવનું વલણ અસ્તિત્વમાં છે જ. ઓછું થયું છે પણ હજી ગયું નથી. કડક, ચુસ્ત માન્યતાઓવાળા એ વડીલો હજુ હયાત છે!

સંતાનો હોવાં અને સંતાનો કેવાં બનવાં જોઈએ એ બંને દિશાઓમાં મારી ચોક્કસ માન્યતાઓ અને અપેક્ષાઓ છે. અને એ પ્રમાણે દરેક કુટુંબમાં, દરેક જ્ઞાતિમાં, દરેક ગામમાં અને દરેક રાષ્ટ્રમાં એ બાબતમાં ચોક્કસ રીત-રસમ અપનાવાય છે. જે તે કુટુંબ કે રાષ્ટ્ર માટે એ સ્વીકૃત બાબતો છે એટલે એમાં 'સાચા-ખોટા'નો સવાલ આવતો નથી.

'મને જે માફક ન આવે એ બાબતમાં ટીકા કરવી, અભિપ્રાય આપવો' એ માણસનો સહજ સ્વભાવ છે. સ્વાભાવિક રીતે મારાથી પણ અવારનવાર આ બાબતે બોલી જવાય છે. અને કદાચ જો મારા દીકરા-દીકરી મારી અપેક્ષા પ્રમાણે વર્તતાં નથી તો મારાથી એનું દુઃખ પણ વ્યક્ત થાય જ છે.

સંતાનોનો સ્વસ્થ ઉછેર, આધુનિક સમાજમાં એક વિકટ પ્રશ્ન છે.

'મારો દીકરો બહુ ડાહ્યો' એ શીર્ષક નિરાંતે સમજીએ.

મારો, દીકરો અને ડાહ્યો... આ ત્રણ શબ્દો મહત્ત્વના છે. એક બાબત સ્પષ્ટ છે કે આપણે સૌ, આ બધા શબ્દોને આપણી રીતે જ સમજીએ છીએ. તમારે પણ તમારા અભિપ્રાયો છે. હોય જ. હોવા જોઈએ. અને એ સ્વાભાવિક છે. સ્વીકાર્ય છે. આવકાર્ય છે. મારી આ અભિવ્યકિત સાથે તમારે સંમત થવું બિલકુલ જરૂરી નથી.

**મારો – મારો એટલે શું?**

મારો એટલે કોનો? હું કોણ? હું જયારે 'મારો દીકરો' કહું છું ત્યારે એ મારો મારી માલિકીનો ભાવ સૂચવે છે. જાણે કે અન્ય વસ્તુઓની માફક 'મારો

દીકરો પણ મારી મિલકત છે. એ પ્રેમનું પ્રતીક કે પછી પ્રભુની ભેટ સમજીને સ્વીકારાય ત્યાં સુધી તો સારું છે પણ આપણે એટલે અટકતા નથી. આપણે એક્સ-ટેન્શન કરીએ છીએ. આપણે આપણું બધું જ એના પર થોપીએ છીએ. એ બહુ સ્વાભાવિક રીતે મારા કુટુંબનો સભ્ય, અવિભાજય અંગ બને છે. મારી જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, ખાનદાની ઉપરાંત મારી બધી માન્યતાઓ પણ એને ઓઢાડી દેવાય છે. હજી તો એણે પૂરો શ્વાસ લીધો નથી, અને એની આખી એક છબી, છાપ ઊભી થઈ ગઈ! એનો સ્વતંત્ર વિકાસ કેવી રીતે થઈ શકે?'

મારી અપેક્ષાઓ પ્રમાણે હવે એને મોટા થવાનું. એની બધી ટેવો ખોરાક-પોષાક-પ્રવૃત્તિઓ એ બધું જ હું અને મારા ઘરના અન્ય વડીલો નક્કી કરીએ. શું ખાવું, શું પીવું, શું રમવું, કોને ભજવું, કેવી રીતે ભજવું એ બધું 'અમે' નક્કી કરીએ. અને સાંભળો. જો એ નાનું બચ્ચું અમારા એ કૂંડાળાની બહાર જાય તો એ અમારી નારાજગીનો ભોગ બને છે. સજાને પાત્ર બને છે.

એણે મોટા થઈને શું બનવું એ પણ અમે જ નક્કી કરીએ છીએ. 'ખૂબ ભણ. ડૉક્ટર બન. એન્જિનિયર બન કે પછી સારો વેપારી બન. મારું માથું ઊંચું રહે, કુટુંબનું નામ રોશન થાય એવું કંઈક કર.'

બાપ રે! કેટલું બધું? બિચારું એ નાદાન બાળક! પૂરતી સમજ આવે એ પહેલાં, મારી, કુટુંબની અપેક્ષાઓ અને સામાજિક, સાંસ્કૃતિક વારસાના ભાર નીચે એ બિચારું દબાઈ જાય છે! ધીમે ધીમે એ અમારા એ ખાનદાની ચીલાઓમાં દબાતા પગલે ચાલતું થઈ જાય છે. અમારું માને તો આજ્ઞાંકિત અને અમારું ન માને તો બંડખોર-બળવાખોર!

કોઈ પણ સમાજમાં બસ, આ જ સ્વાભાવિક પ્રક્રિયા છે. અને એટલે એ સાચું અને સારું હોય એવું લાગે છે.

એ બાળક એક સ્વતંત્ર અસ્તિત્વ છે. એની કુંડળી લઈને જન્મે છે. એની આવડતો, કૌશલ્યો, ઇચ્છાઓ, અપેક્ષાઓ છે. એની પોતાની માન્યતાઓ પણ વિકસવી જોઈએ એને એની પસંદગીઓની સ્વતંત્રતા પણ હોવી જોઈએ. એણે કોઈની કાર્બન કૉપી શું કામ બનવું? પણ ના. એમ થતું નથી.

મારો દીકરો મારી સામે ચપ-ચપ કરે, ચાંપલો થાય, દલીલો કરે, મારું કહેવું ન કરે તો મને ના જ ગમે ને? અને હું કેવી રીતે એ ચલાવી લઉં. એ મારો દીકરો છે. મારું સર્જન છે. મારું ફરજંદ છે. મારી મિલકત છે.

કેવો ભ્રમ છે? હું મારા સંતાનને મારી મિલકત સમજું છું. મારો ગુલામ બનીને રહે એમ ઇચ્છું છું, મારા સંપૂર્ણ નિયંત્રણમાં રહે એમ ઇચ્છું છું. અને પછી દલીલ કરું છું કે અમે એ બધું એના ભલા માટે જ કરીએ છીએ! જગતના અનેક આશ્ચર્યોમાં આને એક મહત્ત્વનું આશ્ચર્ય ગણવું જોઈએ.

'એનો સ્વતંત્ર વિકાસ થાય, એનો બૌદ્ધિક વિકાસ થાય, એની વિવેકબુદ્ધિ પ્રમાણે સારું-નરસું નક્કી કરે, એનાં આવડત-કૌશલ્યો પ્રમાણે એના રસ અને પ્રવૃત્તિઓ કેળવે, એનો પોતાનો રસ્તો-ચીલો બનાવે, એની ઇચ્છા પ્રમાણે ભણે, પરણે, ભાડે રહે કે પોતાનું ઘર લે... એનાં બાળકો હોય કે ન હોય એ પણ એ જ નક્કી કરે...' ના. ના! અમને કે અમારા સમાજને આ વાત જરાયે મંજૂર નથી.

આપણે આપણા નક્કી કરેલા ચીલાઓ પર, આપણાં જ ચોકઠાં પહેરીને ચાલે એવાં માણસો તૈયાર કરીએ છીએ અને પછી શાન્તિ અને અહિંસાની, ડહાપણ અને શાણપણની વાતો કરીએ છીએ જે વાસ્તવિક જગતમાં શક્ય જ નથી! આપણને આપણા જ ઊભા કરેલા ભ્રમમાં જીવવાનું ગમે છે!

એ બાળક એની કુંડળી લઈને જન્મ્યું છે. એનું ભાગ્ય વિધાતાએ તો ક્યારનુંયે લખી દીધું છે. એને તો માત્ર એ લીટીને જ અનુસરવાનું છે. આ વાત હું સમજું તો છું પરંતુ અમલમાં મૂકી શકતો નથી. એ બાળક મોટું થાય– મારી ઇચ્છા પ્રમાણે, જે કંઈ બને– મારી ઇચ્છા પ્રમાણે અને, સૌથી વધારે મહત્ત્વનું તો એ કે મારી નિવૃત્તિની અવસ્થાએ એ મારી સેવા-ચાકરી કરે. એક બાજુ મારી વિધાતા માટેની માન્યતા અને બીજા છેડે, સાવ વિરોધાભાસી એવી મારી અઢળક અપેક્ષાઓ! કેવી રીતે મેળ કરવો આ બંનેનો?

શાસ્ત્રો પ્રમાણે સંબંધો ઋણાનુબંધનો વિષય છે. એટલે કે ભાઈ, બેન, પતિ-પત્ની, કાકા-કાકી, માતા-પિતા– આ બધા સંબંધો કોઈ ચોક્કસ કારણે, ચોક્કસ હેતુસર નક્કી થાય છે. ભેગા મળે છે. થોડીક આપ-લે કરે છે અને અહીંથી વિદાય થાય છે. કોણ શું બનશે, કોને કેટલું મળશે, કોને કેટલું ફાવશે, કોણ કેટલું કરશે એ બધું પૂર્વનિર્ધારિત છે એવું પણ શાસ્ત્રો સૂચવે છે. જો આ સાચું હોય તો, જો હું આ બાબત ખરેખર માનતો હોઉં તો, મારાં સંતાનો બાબતે ચિંતા કે દુઃખ કરવાનું, થવાનું કારણ શું?

'મારો દીકરો ડૉક્ટર. મારી દીકરી લૉયર. મારા જમાઈ બહુ કમાય છે. મેં દીકરાને ભણાવ્યો. અમે દીકરીને ધામધૂમથી પરણાવી.' આ બધું શું છે? 'મેં

કર્યું' એ બાબત વિચારવી પડે એવી નથી? દીકરો તો એની કુંડળી લઈને જ જન્મ્યો છે. હું એમાં એક માધ્યમ બન્યો. એટલે કે 'મેં કર્યું' એવું નહીં પરંતુ 'મારા દ્વારા થયું' એમ કહેવાય.

'મેં કર્યું' એમ કહું છું ત્યારે :

1. એમાં મારો અહમ્, મારો અધિકાર, મારી માલિકી વ્યક્ત થાય છે અને
2. મારી ઇચ્છાઓ, અધૂરપો પૂરી થવાનો સંતોષ વ્યક્ત થાય છે.

'માલિકીનો દાવો' એક ખતરનાક બાબત છે. પરંતુ માલિકીનો ભાવ ખૂબ જ સંતોષ આપનારી બાબત છે. નહીં તો હું શું કામ એમ કહેતો ફરું, 'મારી પત્ની, મારું મકાન, મારી દુકાન, મારો દીકરો, મારી દીકરી, મારી મિલકત વગેરે... મારું શરીર પણ મારું નથી, મારું શરીર પણ મારી ઇચ્છા પ્રમાણે ચાલતું નથી તો બાકીનું બધું 'મારું' કેવી રીતે થઈ શકે? ડાયબિટીસ મને પૂછીને થોડો આવે છે? તો પછી મારો દીકરો ડૉક્ટર થયો એમાં આટલો બધો કેમ છલકાઉં છું? હા, ખુશ થવું, પ્રશંસવું, આભાર માનવો એ બધું જરૂરી છે પરંતુ આ 'મારાપણું?'

**મારો દીકરો**

હવે વાત કરીએ સંતાનની જાતિની. દીકરો અને દીકરી. દરેક સમાજે જાતિ બાબતમાં ચોક્કસ માન્યતાઓ અને અપેક્ષાઓ નક્કી કરી છે. આપણે એ બાબતે અનેક ઉખાણાં અને કહેવતો પણ બનાવી છે.

- દીકરો જન્મે કે દીકરી– એની જાતિ કોણ નક્કી કરે છે?
- દીકરો અવતરે તો હું નસીબદાર, પરંતુ દીકરી જન્મે તો?
- એ દીકરાના રૂપ, રંગ, આવડત, રસ, કૌશલ્યો એ બધું કેવી રીતે નક્કી થાય?
- હોશિયાર કે ઓછો હોશિયાર– એમાં મારી હોશિયારી ચાલે ખરી?
- એ મોટો થઈને શું બનશે એ મારાથી નક્કી થાય ખરું?
- એ વિકલાંગી જન્મે તો એમાં એનો શું વાંક?
- એ સમલૈંગિક સંબંધ બાંધવા મજબૂર બને તો એમાં મારો શું ગુનો?
- હજી પણ આપણે સંતાનોની જાતિ બાબતમાં તટસ્થ અભિપ્રાય કે

લાગણીઓ ધરાવતા નથી. જાણ્યે, અજાણ્યે મારું વલણ મારા દીકરા તરફ ઢળેલું રહે છે, એ મારી ઉપેક્ષા કરે છે તો પણ! અને બીજી બાજુ મારી દીકરી અને મારો જમાઈ મારી સારી સંભાળ રાખે છે એનો મોટો આનંદ છે. 'દીકરી પારકી થાપણ' અને 'દીકરો મારો વારસદાર' એ માન્યતાઓ હજી જીવંત છે.

જ્યાં અહમ્ કેન્દ્રમાં છે, અપેક્ષાઓ મહત્ત્વની બને છે, સ્વાર્થ મુખ્ય બાબત છે ત્યાં દીકરા સાથે સ્વસ્થ અને સ્વચ્છ સંબંધ રાખવાનું અઘરું બને જ બને. દીકરીઓ લાગણીપ્રધાન હોય છે. એમનું મા-બાપ પ્રત્યેનું વલણ કુમળું હોય છે. દીકરો બુદ્ધિપ્રધાન છે. દલીલો કરે છે. એના સ્વમાન અને સ્વતંત્રતાની માગણી કરે છે. મારો અહમ ઘવાય છે. મારાથી મારાં જ એ સંતાનો વચ્ચે 'વ્હેરો-આંતરો' થઈ જાય છે. હું ફરિયાદો કરું છું, પરંતુ મારાં વલણ સુધારતો નથી. ક્યાંયે મને મારો વાંક દેખાતો નથી. હા, માતાપિતાનો વાંક કેવી રીતે હોઈ શકે? માતા પિતા તો હંમેશા વંદનીય અને પૂજનીય જ હોવા જોઈએ ને?

સંતાનના સ્વતંત્ર અસ્તિત્વની કિંમત આંકવાને બદલે, માત્ર અને માત્ર, વડીલોના બલિદાનો અને ઉપકારોનાં ગાણાં ગવાય છે. બાકી મારો દીકરો મારી સેવા કરશે કે નહીં, મારી સાથે એના સંબંધો પ્રેમાળ અને સહકારથી રહેશે કે નહીં એ મારાથી કેવી રીતે નક્કી થાય? મારા જ ભાગ્યનું એ પરિણામ છે એમ માની, સ્વીકારી, મારા સંતાનોને માફ કરી શકાય ખરું? અઘરું છે. અઘરું જ હોય કારણ કે જીવન પોતે જ એક સંઘર્ષ છે. જીવન જીવવાનું કોઈ તબક્કે સહેલું તો નથી જ! અને આ માનવું પડે એવું છે.

**ત્રીજો મુદ્દો છે. 'દીકરો ડાહ્યો હોવાનો.'**

ડાહ્યો એટલે શું? એ શબ્દની પરિભાષા શું? અને એ નક્કી કોણ કરે?

અહીં પણ ફરીથી મારી નક્કી કરેલી માન્યતાઓ, દઢ થઈ ગયેલી રૂઢિઓ અને એમાંથી નિપજતી મારી અપેક્ષાઓ જ કેન્દ્રમાં રહે છે. 'ડાહ્યો દીકરો' એ નિષ્કર્ષમાં એ શબ્દોનાં અર્થ મારી પોતાની અંગત બાબત છે. મારી દીકરા સાથેના સંબંધો મારી પોતાની અંગત માન્યતા અને અપેક્ષા પ્રમાણે નક્કી થાય.

ડાહ્યો એટલે?

- 'મારું કહ્યું કરે.'
- મારું માન સાચવે. મને માન આપે.